# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા-03/૨૦૨૨-૨૩/૦૯ તા.૩૧/૦૧/૨૦૨૩

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૭/ક્વા-03/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી કોમેક્ષ ફુડ ઇન્ડ, ગામ – સાબલપુર,જુનાગઢ

સબડીવીઝન: જી.આઈ.ડી.સી., જુનાગઢ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જુનાગઢ શહેર

**:: ફોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૨૩-૧૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૩-૧૨-૨૦૨૨ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બન્ને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, આપની કચેરીમાંથી GIDC/REY/4579 નું બિલ તા.૦૯-૧૧-૨૦૨૨ ના રોજ રવાના થયેલ અને અમો અરજદારને તા.૧૭-૧૧-૨૦૨૨ ના રોજ મળેલ છે જેમાં અમોને વાંધો છે.

સદર બિલ બાબતે અમોને રૂબરૂ બોલાવેલ હતા મિટર ખોલવા સમયે ત્યારે ત્યાં હાજર રહેલા ઈન્જીનીયર સાહેબશ્રીએ જણાવેલ કે આમાં તમારો કોઈપણ પ્રકારનો ફોલ્ટ નથી માત્ર ૩ કોયલ મિટરમાં આવે છે તેમાંથી ૧ કોયલ મિટરમાં કામ કરતી નથી જેને ૩૩ % સ્લો કહેવાય તેવું સ્થળ પર હાજર રહેલા ઈન્જીનીયર સાહેબશ્રીએ જણાવેલ.

પાછળથી અમોને રૂ. ૫,૫૬,૫૫૩.૬૦/- નું બિલ મોકલી આપેલ છે. તે તદ્દન ગેરવ્યાજબી વાત છે બિલ સાથે ચાર્ટ મોકલેલ છે આ મીટર તા. ૦૭-૧૦-૨૦૨૦ ના રોજ નવું નાખેલ હતું અને તા.૦૭-૧૦-૨૦૨૨ ના રોજ કાઢેલ હતું જે ૨૪ મહિના ચાલેલ છે.

આપશ્રીના બિલ સાથે ચાર્ટ આવેલ છે જેમાં ૨૪ મહિનાના ફિગર આવેલ છે તો શું પહેલા દિવસથી જ મિટર ફોલ્ટમાં હતું ? અને પ્રથમથી જ મિટર ફોલ્ટમાં હોય શા માટે અમારે ત્યાં ફિટ કરેલ છે ? શું મિટર ફીટીંગ કરતાં સમયે તેને રિડીંગ કે તેની કમ્પલીટ સીટ બનાવેલ નથી ?

આપ અમારા છેલ્લા ૩ વર્ષના બિલો ચેક કરી શકો છો શું બિલ એવરેજ આવે છે ?

સદર અરજી બાબતે આપશ્રીને વિનંતી કરવાની કે અમારી મુશ્કેલી સમજી અને ઉપરોક્ત વિગતે અને કારણે અમોને આપશ્રીની કચેરીએ રૂબરૂ બોલાવીને સાંભળશો. બસ એજ......આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અત્રે ના હેઠળની જીઆઇડીસી સબ ડિવીઝન કચેરી ના ગ્રાહક કોમેક્ષ ફૂડ ઇન્ડ ગ્રા.નં ૩૦૯૦૧૫૬૩૬૬૮ ને માટે નવું-૨૨ માં સ્લોનેસ નું રૂા.૫૫૬૫૫૩.૬૦ નું પુરવણી બીલ આપવામાં આવેલ જે બાબતે સદર ગ્રાહક દ્વારા સીજીઆરએફ માં રજુઆત કરેલ હોય, તા. ૦૪.૧૦.૨૦૨૨ના રોજ તપાસણી કરતા તેમજ મીટરનો એકયુચેક ટેસ્ટ લેતા સદર વિજ મીટર ૫૯.૭૩૧% સ્લોનેશ માલુમ પડેલ. જેથી ચેકીંગ શીટ નં. ૫૧૨૮ તેમજ પ્રફોર્મા-૧૫ નં.૧૮૪૨ તા. ૦૭.૧૦.૨૦૨૨ મુજબ સદર મીટર લેબ ચકાસણી અર્થે ઉતારી પેપર પેક કરવામાં આવેલ. ત્યારબાદ તા.૧૩.૧૦.૨૦૨૨ના રોજ સદર મીટરની લેબ ચકાસણી કરતા લેબ રીપોર્ટ મુજબ B-ફેઇઝની CT તા.૦૭.૧૦.૨૦૨૦થી વિજ મીટરને મળતી નથી જેથી એમ.આર.આઈ. રીપોર્ટનો વિશેષ અભ્યાસ કરી આગળની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ. જેથી અત્રેની પે.કચેરી દ્વારા એમ.આર.આઇ. રીપોર્ટનો ઉડાણ પુર્વકનો અભ્યાસ કરી વિજ મીટરને જે સમયગાળા માટે એક ફેઇઝની B-ફેઇઝની CT મળેલ નથી તેટલા જ સમયગાળાનું એમ.આર.આઈ. ડેટા મુજબ ૫૯.૭૩૧% સ્લોનેશનું પુરવણી બીલ રૂા. ૫૫૬૫૫૩.૬૦ અત્રેની કચેરીના પત્ર નંબર ૪૫૭૯ ૦૯.૧૧.૨૦૨૨ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ. જે સદર ગ્રાહક ખાતે ઉધારવામાં આવેલ છે.સંદર્ભ-૧ ગ્રાહક દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમા રજુઆત કરેલ છે.પે/વિ દ્વારા આપેલ સ્લોનેશ બીલ નિયમોનુસાર છે.અને ભરવાપાત્ર છે. આ સાથે સદર કેઇસ સંલગ્ન આધાર પુરાવાઓની નકલ સામેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર કેશ માં અરજદાર શ્રી નું પીજીવીસીએલ દ્વારા તા. ૧૩.૧૦.૨૦૨૨ નાં રોજ જે રોજકામ કરવામાં આવેલ છે તે મુજબ MRI માં Bફેઈઝ ની CT તા. ૦૭.૧૦.૨૦૨૨ નાં રોજ સદર વીજ કનેક્શન ઈન્સ્ટોલેશન તારીખ થી ઓપન બતાવે છે જેમ સદર વીજ કનેક્શન ઈન્સ્ટોલેશન નાં દિવસ થી B ફેઈઝ ની CT મીટર માં મળેલ નથી તે મુજબ પીજીવીસીએલ દ્વારા જે અરજદાર શ્રી ને સ્લોનેસ નું બિલ આપવામાં આવેલ છે તે કંપની નાં નિયમ મુજબ છે અને તે અરજદાર શ્રી એ ભરવાપાત્ર થાય છે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧